પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૧ | ૦૯ ઓગસ્ટ, ૨૦૨૩, બુધવાર; અધિક શ્રાવણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિપક્ષ ગઠબંધન પરસ્પર અવિશ્વાસથી પીડાય છે : મોદી

**અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા ભાજપના સંસદીય દળની બેઠક પીએમ મોદીની અધ્યક્ષાતામાં યોજાઈ : પીએમ મોદીએ પાર્ટીના સાંસદોને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા છેલ્લા બોલ પર છગ્ગો ફટકારવાનું કહ્યું**



નવી દિલ્હી, તા.૮

સંસદમાં ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે અને આજે ૧૪માં દિવસે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત બાદ ફરીથી શરુ કરવામાં આવી છે અને લોકસભામાં અવિશ્વાસ પર ચર્ચા શરુ થઈ છે ત્યારે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા ભાજપના સંસદીય દળની બેઠક પીએમ મોદીની અધ્યક્ષાતામાં યોજાઈ હતી. આ બેઠકમાં મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવ પર વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા.

સુત્રોના જણાવ્યા અનુસાર મોદીએ કહ્યું કે વિપક્ષી ગઠબંધન પરસ્પર અવિશ્વાસથી પીડાય છે તેઓ જાણવા માંગે છે કે તેમની સાથે કોણ છે અને કોણ નથી. પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષ સેમીફાઈનલ ઈચ્છે છે અને સેમીફાઈનલ ગઈકાલે થઈ હતી જેનું પરિણામ સૌની સામે છે. આ ઉપરાંત મોદીએ એમ પણ કહ્યું કે સામાજિક ન્યાયની વાત કરનારા લોકોએ વંશવાદ, તુષ્ટિકરણ અને ભ્રષ્ટ રાજનીતિ દ્વારા દેશને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. આ સિવાય પીએમ મોદીએ પાર્ટીના સાંસદોને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા છેલ્લા બોલ પર છગ્ગો ફટકારવાનું કહ્યું હતું.

આ દરમિયાન તેમણે ૨૦૧૮ના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો ત્યારે વિપક્ષને ૨૦૨૩માં તેમની સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે કહ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે 'અહંકારી' ગઠબંધન અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યું છે. અમારી પાસે બહુમતી છે, અમને સમજાતું નથી કે તેઓ પ્રસ્તાવ કેમ લાવ્યા. કદાચ તેઓ એક છે કે કેમ તે ચકાસવા માંગે છે. ઉલ્લેખનીય છે કે વિપક્ષના પ્રશ્નોનો સામનો કરવાની રણનીતિ ઘડવા માટે ભાજપ સંસદીય દળની બેઠક યોજાઈ હતી, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પક્ષના સાંસદ જેપી નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી સહિતના નેતા હાજર રહ્યા હતા.

## નર્મદા ડેમ ૧૩૧ મીટર નજીક પહોંચતા ખુશીનો માહોલ

**સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૦.૯૮ મીટરે નોંધાઈ છે, આ ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે**

નર્મદા, તા.૮

ગુજરાતવાસીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. આ સિઝનમાં પહેલીવાર નર્મદા ડેમ ૧૩૧ મીટરને નજીક પહોંચી ગઈ છે. હવે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૦.૯૮ મીટરે પહોંચી ગઈ છે. આપને જણાવીએ કે, ૨૪ કલાકમાં ડેમની જળ સપાટીમાં ૧૫ સેમીનો વધારો થયો છે. જ્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદને કારણે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૬૫ જળાશયો હાઈ એલર્ટ પર છે. આજે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૦.૯૮ મીટરે નોંધાઈ છે. આ ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. આ ડેમને મહત્તમ ભરાવવામાં હજી થોડા જ મીટરની વાર છે.



હાલ પાણીની આવક ૨૨,૧૧૯ ક્યુસેક નોંધાઈ છે. છેલ્લા ત્રણ કલાકમાં પાણીની સરેરાશ આવક ૫૨,૦૨૫ ક્યૂસેક થઈ છે. જ્યારે રિવરબેડ પાવરહાઉસમાંથી નદીમાં ૪૪,૩૫૬ ક્યૂસેક પાણીની જાવક થઈ છે. ૨૪ કલાકમાં સપાટીમાં ૧૫ સે.મી.નો વધારો થયો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સોમવારે મળેલા અહેવાલો પ્રમાણે, રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૯.૮૩ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૩૫.૮૦, સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૩.૪૭ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે.

## છ રાજ્યોની સાત વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી જાહેર

**ચૂંટણી પંચે સાત વિધાનસભા બેઠકોની ૫ સપ્ટેમ્બરે પેટા ચૂંટણીની જાહેરાત કરી : ઝારખંડ, ત્રિપુરા, કેરળ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમં ચૂંટણી, ૮ સપ્ટેમ્બરે મત ગણતરી**

નવી દિલ્હી, તા.૮

ચૂંટણી પંચે વિધાનસભાની ૭ બેઠકો પર પેટાચૂંટણીની જાહેરાત કરી દીધી છે. જે રાજ્યોમાં પેટાચૂંટણી યોજાવાની છે, તેમાં ઝારખંડ, ત્રિપુરા, કેરળ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ ૬ રાજ્યોની ૭ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૫મી સપ્ટેમ્બરે મતદાન યોજાશે.

મળતી માહિતી મુજબ ઝારખંડની ડુમરી વિધાનસભા બેઠક જગરનાથ મહતોના નિધન બાદ ખાલી પડી હતી. જ્યારે કેરળની પુથુપલ્લી વિદાનસભા બેઠક ઓમાન ચાંડી, ત્રિપુરાની બોક્સાનગર બેઠક સમસુલ હક, પશ્ચિમ બંગાળની ધુપગુરી (એસસી) વિધાનસભા બેઠક વિષ્ણુ પાંડે અને ઉત્તરાખંડની બાગેશ્લર (એસસી) બેઠક ચંદન રામ દાસના નિધન બાદ ખાલી પડી હતી. ત્રિપુરાની અન્ય એક ધાનપુરા વિધાનસભા બેઠક પ્રતિમા ભૈમિકના રાજીનામાના કારણે ખાલી પડી હતી. આ જ રીતે ઉત્તર પ્રદેશની ઘોસી વિધાનસભા બેઠક દારા સિંહ ચૌહાણે રાજીનામું આપતા ખાલી પડી હતી.

## ભારતનો સ્વતંત્રતા દિવસ યુએસમાં રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા પ્રસ્તાવ

**યુએસસંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં પ્રસ્તાવ : ભારતના સ્વતંત્રતા દિવસને વિશ્વની બે સૌથી મોટી લોકશાહીના રાષ્ટ્રીય દિવસ ઉજવણી તરીકેની જાહેર કરવાની વિનંતી કરવામાં આવી**

વોશિંગ્ટન, તા.૮

ભારતનો સ્વતંત્રતા દિવસ ટૂંક સમયમાં અમેરિકામાં પણ રાષ્ટ્રીય દિવસની તરીકે ઉજવણી કરવામાં આવી શકે છે. સાંસદ થાનેદારની આગેવાની હેઠળના ભારતીય-અમેરિકન સાંસદોના એક જૂથે યુએસસંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં પ્રસ્તાવ મૂક્યો છે કે ભારતના સ્વતંત્રતા દિવસને વિશ્વની બે સૌથી મોટી લોકશાહીના રાષ્ટ્રીય દિવસ ઉજવણી તરીકેની જાહેર કરવાની વિનંતી કરવામાં આવી છે.

આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેની મજબૂત ભાગીદારી જે બંને દેશોના સહિયારા લોકતાંત્રિક મૂલ્યોમાં રહેલી છે, વૈશ્વિક લોકશાહી અને શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. આ પ્રસ્તાવ સાંસદ શ્રી થાનેદાર વતી પ્રતિનિધિ સભામાં રજૂ કરવામાં આવ્યો છે. તે કોંગ્રેસમેન બડી કાર્ટર અને બ્રાડ શેરમેન દ્વારા પણ સહ-પ્રાયોજિત છે. પ્રસ્તાવમાં નોંધવામાં આવ્યું હતું કે ભારતના વડા પ્રધાન ૨૨ જૂનના રોજ યુનાઈટેડ સ્ટેટ્સની સત્તાવાર મુલાકાતે હતા અને બંને દેશોએ સમાન હિતો અને સ્વતંત્રતા, લોકશાહી, બહુમતીવાદ, કાયદાના શાસન અને સહિયારી પ્રતિબદ્ધતાઓના

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈમાં બોમ્બ વિસ્ફોટની ધમકીથી પોલીસ તંત્રમાં ખળભળાટ

**મહારાષ્ટ્ર મંત્રાલય કંટ્રોલ રૂમમાં આ ધમકી ભર્યો કોલ આવ્યા : કોલ કરનાર આરોપીની ધકપકડ**

મુંબઈ, તા.૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી છે. કોલરે મુંબઈમાં આતંકવાદી હુમલાની ધમકી આપતાં મુંબઈ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે મહારાષ્ટ્ર મંત્રાલય કંટ્રોલ રૂમમાં આ ધમકી ભર્યો કોલ આવ્યો હતો. ત્યારબાદ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી અને કોલ કરનાર આરોપીની ધકપકડ કરી લીધી હતી.

પોલીસે જણાવ્યું કે, મુંબઈમાં આતંકવાદી હુમલાની ધમકી આપનાર આરોપીની ઓળખ કર્યા બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, આરોપી કોલરની ધરપકડ કરી લેવામાં આવી છે જેનું નામ પ્રકાશ ખિમાની છે. કોલર મુંબઈના કાંદીવલી વિસ્તારનો રહેવાસી છે અને ત્યાંથી જ તેની ધરપકડ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધીને જૂનો સરકારી બંગલો ફરી ફાળવવામાં આવ્યો

**બંગલો મળ્યા બાદ તેમને પૂછવામાં આવ્યું કે તમને કેટલી ખુશી થઇ છે ઘર પાછું મળી ગયું છે, ત્યારે તેમણે કહ્યું કે, આખું ભારત મારું ઘર છે**

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ગઈકાલે લોકસભા સચિવાલયે સદસ્યતા પુનઃસ્થાપિત કરવા માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ પછી રાહુલે પોતાના ટ્વિટર હેન્ડલ પર 'અયોગ્ય સાંસદ'ને બદલે ફરી 'સંસદ સભ્ય' એવું અપડેટ કર્યું હતું. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમની લોકસભાની સદસ્યતા પુનઃસ્થાપિત કર્યાના એક દિવસ બાદ આજે જૂનો સરકારી બંગલો ફાળવવામાં આવ્યો છે. બંગલો મળ્યા બાદ તેમને પૂછવામાં આવ્યું કે તમને કેટલી ખુશી થઈ છે ઘર પાછું મળી ગયું છે, ત્યારે તેમણે કહ્યું કે, આખું ભારત મારું ઘર છે.

૨૦૦૫થી, રાષ્ટ્રીય રાજધાનીમાં રાહુલનું સત્તાવાર સરનામું ૧૨, તુઘલક લેન બંગલો છે. લોકસભાની હાઉસિંગ કમિટિએ સતાવાર જાહેર કરી છે કે રાહુલ ગાંધીને ફરી એકવાર આ ઘર આપવામાં આવ્યું છે. ૨૩ માર્ચે સુરતની એક કોર્ટે મોદી અટક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા ફટકારી હતી. આ પછી કેન્દ્ર સરકારે ૨૪ કલાકમાં તેમનું લોકસભા સભ્યપદ રદ કરી દીધું હતું. ત્યારપછી તેમનો સરકારી બંગલો એક મહિના પછી પાછો લેવામાં આવ્યો હતો. આ પછી રાહુલ ગાંધી હાઈકોર્ટ પહોંચ્યા પરંતુ તેમને અહીં પણ રાહત ન મળી. આખરે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને રાહત આપી છે.

## ડીજીસીએએ ૨૦૨૧થી ૧૬૬ યાત્રીઓને નો-ફ્લાય લિસ્ટમાં મૂક્યા

નવી દિલ્હી, તા.૮

તાજેતરમાં ફ્લાઈટ્સમાં યાત્રીઓ સાથે ખરાબ વર્તનને લઈને અનેક પ્રકારની ઘટનાઓ બની રહી છે. ક્યાંક યાત્રી પોતાના સહયાત્રીઓ પર પેશાબ કરી દે છે તો ક્યાંક ફ્લાઈટ ક્રૂ અથવા ફ્લાઈટ સહયોગી સ્ટાફ સાથે ઉદ્ધત વર્તનની ઘટનાઓ સાંભળવા મળી રહી છે. આવી વર્તણૂકને કારણે કેટલાક મુસાફરોની ઉડાન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે. અને આ કામ તેમને 'નો ફ્લાય લિસ્ટ'માં મૂક્યા બાદ કરવામાં આવે છે જેની શરૂઆત ડીજીસીએએ વર્ષ ૨૦૨૧માં કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## વૈભવ તનેજા ટેસ્લાના નવા ચીફ ફાયનાન્સિયલ ઓફિસર બન્યા

વોશિંગ્ટન, તા.૮

ભારતીય મૂળના વ્યક્તિઓ વિશ્વમાં ઘણી મોટી મોટી ટેક કંપનીના પ્રમુખ પદ પર નિયુક્ત થયેલા છે અને સમગ્ર દુનિયામાં ભારતની પ્રતિભામાં વધારો કરે છે. એવામાં વધુ એક ભારતીય મૂળના વ્યક્તિ વૈભવ તનેજાને ટેસ્લા કંપનીના માલિક ઈલોન મસ્કે મોટી જવાબદારી સોપી છે. ભારતીય મૂળના વૈભવ તનેજાને ટેસ્લાના નવા ચીફ ફાયનાન્સિયલ ઓફિસર (સીએફઓ) બનાવવામાં આવ્યા છે. કંપનીના અગાઉના ફાયનાન્સ ચીફ ઝાચેરી કિર્કહોર્ન પદ છોડ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી.

**બેસણું**



**અમારા મોટાભાઈ સ્વ. દશરથભાઈ મણીભાઈ પટેલ**

નું દુઃખદ અવસાન તા. ૬/૮/૨૦૨૩ને રવિવારના રોજ થયેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના...
સદ્દગતનું બેસણું તથા સુવાળા તા. ૧૦/૮/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : મુખીની ખડકી, મુ. વલાદ, તા.જી. ગાંધીનગર.**

લી.

દિલીપભાઈ મણીભાઈ પટેલ (ભાઈ)
ઈલેશ દશરથભાઈ પટેલ (પુત્ર) | હિમાંશુ દશરથભાઈ પટેલ (પુત્ર)
ગોપાલભાઈ નટવરભાઈ પટેલ (ભત્રીજો) | રોનક દિલીપભાઈ પટેલ (ભત્રીજો)
ઝોન પ્રભારી
સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ, ગુજરાત સરકાર

પિયરપક્ષનું બેસણું આ જ સ્થળે, આ જ સમયે રાખેલ છે..
સ્વ. કેશાભાઈ મંગળદાસ પટેલ (સાળા) | કનુભાઈ મંગળદાસ પટેલ (સાળા)

